## ભાગ ૧૯ : "કવચધારી"

કોરોનાનો જન્મદાતા તરીકે દુનિયાભરમાં પ્રચલિત થયેલ પ્રાણી જગતનો અદભૂત કવચધારી જીવ પેંગોલીન (કીડીખાઉ). જેનું નાના-નાના કતારબંધ ગોઠવાયેલા મજબૂત ભીંગડાવાળું લચીલું શરીર એવું કે સ્વ-રક્ષણ માટે એક મજબુત દડાની જેમ બંધ થઈ જાય, આ મજબૂત ભીંગડાની દીવાલને પગલે પ્રાણી જગતમાં તેના શિકાર કરનાર જીવ નહીવત બરાબર...!, અપવાદમાં એક માત્ર "મનુષ્ય"...?

આમ તો સમુદ્રમાં આવા બાહ્ય કવચધારી જીવો ઘણા જેમ કે કરચલા, જીંગા, શંખ-છીપ જેવા અનેકો જીવ...આવો અનેકો સમુદ્રી કવચધારી જીવોનો સમુદાય એટલે "Mollusca". અને આજે જેની ચર્ચા થનાર એ વર્ગ "Polyplacophora" નાં જીવ જે "Chiton" નાં નામે ઓળખાય. શરીર ઉપર સુચારૂ ગોઠવાયેલા મજબૂત ૮ ભીંગડા/પ્લેટ/વાલ્વ જે તેની મુખ્ય ઓળખ. જેમ ઘરનાં છત પર નળિયાની ગોઠવણ કરવામાં આવી હોય, એજ પ્રમાણે એક-બીજા સાથે બંધ બેસતા આકારે પંતગિયા જેવા ભીંગડા. જેમાં પ્રથમ અને અંતિમ ભીંગડાનો આકાર શરીરી રચના મુજબ વળી અલગ. "Chiton" એક નાજુક શરીરવાળો જીવ, જેનો વ્યાપ સમુદ્ર કિનારાથી લઇ સમુદ્રમાં મહતમ ઊંડાઈ સુધી. સામન્ય રીતે પત્થરની સપાટી પર ચોંટીને તેમજ પત્થરોના બખોલ કે ખાંચમાં રહે. અને શંખની જેમ સરકીને સ્થળાંતર કરે. પત્થરો પર મજબૂતાઈથી ચોંટીને રહે અને વળી શરીરની ઉપરી મજબૂત કવચ પ્લેટો એટલે નાજુક શરીરને સંપૂર્ણ રક્ષણ. કોઈ સંજોગોમાં પત્થર પરની પકડ છૂટી જાય તો પણ લચીલા શરીરને વાળીને દડાની માફક બંધ કરી શકે. એટલે સ્વ-રક્ષણ માટેના સંપૂર્ણ અનુકુલનો.





ભીંગડાવાળા શરીરનાં ધાર પર આવેલ Girdle સામાન્ય ભાષામાં કહુ તો કમરપટ્ટો, ૮ કવચ પ્લેટ ની ફરતે તેની શોભા વધારતો આ રેશમ જેવા ટેન્ટીક્લસનો પટ્ટા તેની કવચની બાજુઓને રક્ષણ આપે અને સાથે તેના રંગને કારણે રહેણાકને અનુરૂપ છલાવરણમાં મદદરૂપ બંને અને વળી "Chiton" રંગમાં જાંબલી, લીલો, ભૂરા, ગુલાબી જેવા અનેકો વિવિધતા ધરાવે. એટલે દેખાવે ખુબજ સુંદર હોય.

"Chiton" આકારે લંબગોળ, ૧ ઇંચ થી લઈ મહત્તમ ૧૪ ઇંચ જેટલી મહત્તમ લંબાઈનાં હોય શકે, ૯૦૦ થી વધુ પ્રજાતિનો સમાવેશ આ વર્ગમાં હાલ જીવિત છે. જયારે ૪૦૦ જેટલી પ્રજાતિનો અવશેષ તરીકેની નોધ થયેલ. જેથી આ જીવને સમુદ્રી દુનિયાનો ખુબ જ જુનું અસ્તિત્વ કહી શકાય. "Chiton" ની સોથી મોટી પ્રજાતિ "Gumboot chiton" લંબાઈમાં ૧૪ ઇંચ જેટલી હોય.



Dark Pigmented eyes of Chiton

"Chiton" માં સૌથી અજાયબ તો તેની આંખો. સામન્ય રીતે જુઓ તો તેની આંખો દેખાતી નથી, શોધકર્તાઓ પણ કઈ એવુ જ માનતા હતા. પરંતુ વર્ષ ૨૦૧૫ ના સંશોધનમાં જણાયું કે "Chiton" નાં કવચ પ્લેટ પર અતિસુક્ષ્મ કથ્થઈ રંગનાં ઉભાર અને મધ્યમાં કીકીની રચના ધરવાતી આંખોના સમુહ હોય, જે આંખો થકી "Chiton" આસપાસના વાતાવરણને સમજવા યોગ્ય ધુંધળી દ્રષ્ટિ મળે. અને જેના થકી અન્ય શિકારી જીવનું પણ અનુમાન કરી પથ્થર પર પોતાની પકડને મજબૂત કરી શકે. આમ તો કવચ એટલે નિરજીવ રચના જેમાં સંવેદિત જીવિત કોષો ન હોય, પરંતુ મૃદુકાય જીવોના સમુદાયમાં "Chiton" એક માત્ર કવચની આંતરિક રચનામાં જીવિત કોષો ધરાવતો કવચધારી...!

https://conchology.co.in
www.facebook.com/conchology.co.in

- મેહુલ & હિરલ

તા.૧૦/૦૮/૨૦૨૧

